તા- ૧/૦૬/૨૦૨૦

# स्वदेशी आत्मनिर्भरता!

**जो प्रकृति और मनुष्य का शोषण किये बिना अपनी सनातन संस्कृति और सभ्यता के अनुकूल आपके स्थान के सबसे निकट किसी स्थानीय कारीगर द्वारा बनायीं गयी या कोई सेवा दी गयी हो और जिसका पैसा स्थानीय अर्थव्यवस्था में प्रयोग होता हो वो स्वदेशी है ।**

www.Prachodayat.in

**आत्मनिर्भर** **prachodayat**

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 4 | | | |
| | 2 | | | | 6 | | 5 | |
| 9 | | 5 | | | 8 | | 1 | |
| | 1 | | 6 | | | 9 | | |
| | 9 | 4 | | | | 7 | | 1 |
| | | | 5 | | | 8 | | |
| 8 | | 1 | | | | | 2 | 3 |
| 4 | | | | 8 | 5 | | | 7 |
| 3 | | | | 7 | 2 | | | 4 |

## ઉખાણું

ગણેશજીને પ્રિય હું
બધું કાતરી ખાઉં હું,
લોકો ત્રાસે છે મારાથી
હું બિલ્લીથી ત્રાસું છું.

## જોડકણા

પતંગ લઈને બાબો ચાલ્યો, ફરકી ઝાલી ભાણે,
પેચ લડાવી પતંગ તાણે ખેંચી-ખેંચી કાપે.

| ચિત્ર |
| --- |
|  |

# વાર્તા

## ચતુર સસલું

વાર્તા રે વાર્તા – લેખક : વિષ્ણુ પ્રભાકર
અનુવાદક : દિગંબર સ્વાદિયા

એક મોટું જંગલ હતું. એ જંગલમાં એક કદાવર સિંહ રહેતો હતો. તે ગમે તે પ્રાણી દેખાય એટલે તેને પકડીને ખાઈ જતો હતો.

આમ ને આમ ઘણા વખત સુધી ચાલતું રહ્યું એટલે પ્રાણીઓ ગભરાયાં. તેઓએ ભેગાં મળીને કંઈક રસ્તો કાઢવાનું નક્કી કર્યું. એ બધાં પહોંચ્યા સિંહ પાસે. તેઓએ સિંહને કહ્યું, "મહારાજ, આપ તો વનરાજ છો. અમારા રાજા છો. રોજેરોજ આપને શિકાર શોધવાની તકલીફ લેવાની જરૂર નથી. અમે જાતે જ રોજ એક પશુ આપનાં ભોજન માટે મોકલી આપશું."

સિંહ તો એ વાત સાંભળી રાજીના રેડ થઈ ગયા. તેણે કહ્યું, "તમે વચન પાળશો તો હું કોઈને મારીશ નહિ."

ત્યારથી રોજ એક પશુ સિંહ પાસે પહોંચી જવા લાગ્યું. સિંહ તેનું મારણ કરતો.

એમાં એક દિવસ એક સસલાનો વારો આવ્યો. એ તો બહુ ચાલાક અને ચતુર હતું. તેણે વિચાર કર્યો, "આમાંથી બચવાનો શું કોઈ ઉપાય નહિ હોય?" જે બુધ્ધિશાળી છે તે ક્યારેય પણ મુસીબત કે સુખદુ:ખમાં મૂંઝાતા નથી. સસલાને થયું કે મારે પણ ગભરાવાની જરૂર નથી. એ તો પડશે એવા દેવાશે. બધાં પ્રાણીઓના જીવ બચે એવો કોઈક માર્ગ કાઢવો પડશે.

એવા વિચારો કરતું એ સિંહ પાસે મોડું પહોંચ્યું. સિંહ તો ગુસ્સાથી લાલપીળો થઈને બેઠો હતો. સસલાને જોતાંવેંત ગર્જના કરીને તાડૂકી ઉઠ્યો, "તને આવતાં આટલું બધું મોડુ કેમ થયું?"

સસલાએ જરા પણ ગભરાયા વિના જવાબ આપ્યો, "મહારાજ, મેં જાણી જોઈને મોડું નથી કર્યું. બન્યું એવું કે હું અહીં આવતો હતો ત્યાં રસ્તામાં અચાનક મને બીજો કદાવર સિંહ મળી ગયો. એ તો બહુ બળવાન હતો. તેણે મને રોક્યો. મેં એને ગમે તેમ સાચું ખોટું બહાનું બતાવીને કહ્યું, કે મારે એક જરૂરી કામે પહોંચવાનું છે અને ત્યાંથી જલદી આવી જઈશ." એ માંડ માંડ માન્યો અને મને છોડ્યો.

આ વાત સાંભળી સિંહની આંખમાં ખુન્nસ ભરાઈ આવ્યું. લાલઘૂમ આંખો કરી પોતાની પૂંછડી જમીન ઉપર પછાડતાં તેણે સસલાને પૂછ્યું, "મારા રાજ્યમાં આવો બીજો સિંહ ક્યાંથી આવી ચડયો? ચાલ બતાવ મને, ક્યાં રહે છે એ?"

સસલાએ એટલી જ શાંતિથી જવાબ આપ્યો, "આવો, મહારાજ, હું એનું રહેઠાણ બતાવું આપને."

બંને ચાલવા માંડયા. આગળ સસલું ચાલતું હતું અને પાછળ સિંહ ચાલતો હતો. બંને એક કૂવા પાસે અટક્યા. સસલાએ કહયું, "મહારાજ, પેલો સિંહ આની અંદર જ બેઠો છે. આપ જાતે જ જોઈ લો." સિંહે કૂવામાં જોયું. અંદર પાણીમાં તેને પોતાનો પડછાયો દેખાયો. એ જ બીજો સિંહ હોવો જોઈએ એમ માનીને એ ઘૂરકીને ગર્જના કરવા લાગ્યો.



કૂવામાંથી તેની ગર્જનાનો પડઘો પડયો. સિંહ તો મૂર્ખ હતો. તેણે માની લીધું કે કૂવામાં બેઠેલો સિંહ મારી સામે ઘૂરકી રહ્યો છે. તેને હમણાં જ મારી નાખવો પડશે.

એમ વિચાર કરીને સિંહે, કૂવામાં છલાંગ લગાવી અને પાણીમાં ડૂબીને મરી ગયો.

સસલું તો હરખાઈને કૂદતું પોતાના અન્ય પ્રાણી મિત્રો પાસે ગયું અને તેઓને પોતાનું પરાક્રમ સંભળાવ્યું. પ્રાણીઓ બધાં ખૂબ રાજી થયાં અને જંગલમાં નિરાંતે નિર્ભય થઈને રહવા લાગ્યાં.

વાર્તા રે વાર્તા

**1-6-2020**

માતાપિતાને,

**1.** આપ સૌ ને વાર્તા કેવી લાગી એ પ્રતિભાવ ફેસબૂક કોમેન્ટમાં આપવો

**2.** સાથે, અંતે પુછાયેલા ઉખાણાંનો જવાબ પણ કોમેન્ટ માં આપવો!

**3.** વિડીયો શેર કરી બીજા માતાપિતા સુધી પહોંચાડીએ!

સાંભળવા અહીં ક્લિક કરો :

https://www.facebook.com/watch/?v=2571128169808414

# વિજ્ઞાન પ્રયોગ

૩૬

## કાગળમાં બે છિદ્રોને એક સાથે ચીરી શકાય નહિ.





**સાધન-સામગ્રી :** કાગળનો નાનો ટુકડો

**કૃતિ :**

૧. કાગળમાં આંગળીની સાઈઝના અનેક છિદ્રો બનાવો.



(૧)

૨. બે હાથની બે આંગળીઓ બે છિદ્રોમાં નાંખી બંને છિદ્રોને ફાડવાનો પ્રયત્ન કરો.



(૨)

**નિરીક્ષણ :** માત્ર એક જ છિદ્ર ચીરાશે. (ફાટશે)

**શા માટે ? :**

૧. છિદ્રને ફાડવા માટે છિદ્ર સ્થિર હોવું જરૂરી છે, જેથી આંગળી તેને ફાડી શકે.



(૩)

૨. બંને છિદ્રો અને આંગળીને સાથે હલાવવાથી બંને છિદ્રમાંથી કાગળ ફાટશે નહીં.



(૪)

| ગૃહકાર્ય |
| --- |
| https://vimeo.com/showcase/7172160 |
| https://www.youtube.com/watch?v=8O9SndfEDw8&feature=youtu.be |

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7172171 |
| https://vimeo.com/showcase/7172186 |
| https://www.youtube.com/watch?v=c3-_6MOOxOw&feature=youtu.be |

## મેરા ભારત મહાન.




Amway
एमवाय
विदेशी - વિદેશી
देश - अमेरिका (मिशिगन)

स्वयमेव मृगेन्द्रता

## -: રામાયણ :-

ભરતનું મોસાળ ક્યાં હતું?તેના મામા કોણ હતા?

# दुर्लभं भारते जन्म

## ધુષ્મેશ્વર, સંભાજીનગર, મહારાષ્ટ્ર



ધૃષ્ણેશ્વર કે ધુષ્મેશ્વર, એ ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગમાંનું એક જ્યોતિર્લિંગ મંદિર છે. આ મંદિર ભારતમાં આવેલા મહારાષ્ટ્ર રાજ્યના સંભાજીનગર (ઔરંગાબાદ) નજીક આવેલા શહેર દૌલતાબાદની નજીક આવેલું છે. આ મંદિર વિશ્વ પ્રસિદ્ધ ઇલોરાની ગુફાઓ નજીક આવેલું છે.

શિવ પુરાણ અનુસાર એક વખત બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે સૃષ્ટિની રચનાના આધિપત્યને લઈને વિવાદ થયો. તેમની પરીક્ષા કરવા, શિવજી એજ ત્રણે લોકને ભેદતું એક અંતહીન જ્યોતિર્લિંગ બનાવ્યું. તેનો અંત કે સ્ત્રોત શોધાવા બ્રહ્મા નીચે તરફ અને વિષ્ણુ ઉપર તરફ ગયા. તેમને આનો છેડો મળી ગયો એમ બ્રહ્માજી અસત્ય બોલ્યાં જ્યારે વિષ્ણુએ પોતાની હાર સ્વીકારી. શિવજી એક અન્ય સ્તંભ તરીકે પ્રગટ થયાં અને તેમણે બ્રહ્માને શાપ આપ્યો કે કોઈ પણ પૂજા-અર્ચના આદિમાં તેમનું કોઈ સ્થાન નહીં રહે જ્યારે અનંતકાળ સુધી લોકો વિષ્ણુની પૂજા કરશે.

'જ્યોતિર્લિંગ' એ સર્વોચ્ચ ભિન્ન ન કરી શકાય એવું સત્ય માનવામાં આવે છે, જેમાં શિવનો અંશ રહેલો હોય છે. આ જ્યોતિર્લિંગ એવા સ્થળો છે જ્યાં ભગવાન શંકર દિવ્ય જ્યોતી સ્વરૂપે પ્રગત થયા હતાં. એમ માનવામાં આવે છે કે શરૂઆતમાં ૬૪ જ્યોતિર્લિંગ હતાં. તેમાંના ૧૨ને અત્યંત પવિત્ર અને શુકનવંતા માનવામાં આવે છે. દરેક જ્યોતિર્લિંગનું તેના અધિપતી દેવ પ્રમાણે નામકરણ કરાયું છે - તે દરેક શિવના જ વિવિધ સ્વરૂપો છે. આ દરેક દેવસ્થાનની મૂળ મૂર્તિ એ એક લિંગ છે જે એક અનંત સ્તંભનું ચિન્હ છે, જે અનંત અને વિશાળ એવા શિવજીને દર્શાવે છે.

ધૃષ્ણેશ્વર મંદિરનું પુન:નિર્માણ ૧૬મી સદીમાં વેરુળના માલોજી રાજે ભોંસલે (શિવાજી મહારાજના દાદાજી) દ્વારા કરવામાં આવ્યું અને ત્યાર બાદ ૧૮મી સદીમાં અહિલ્યાબાઈ હોળકર દ્વારા તેનું પુન:નિર્માણ કરાયું. અહીલ્યાબાઈએ બનારસના કાશીવિશ્વનાથ મંદિર અને ગયાના વિષ્ણુપુર મંદિરનું પણ પુનર્નિર્માણ કરાવ્યું હતું.

| -: અપેક્ષા રહિત કામ કરવું :- |
|---|

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110<br>શાર્દૂલ શિશુ વિહાર વડોદરા :- 79845 49896 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |